# સૌરાષ્ટ્રના કેટલાક ભાગમાં બીજા દિવસે થયેલ વરસાદ

## અમદાવાદ ખાતે મહત્તમ તાપમાન ૪૦ : સુરેન્દ્રનગરમાં સૌથી વધારે ગરમીનો અનુભવ : ખંભાળિયામાં વરસાદ

અમદાવાદ,તા. ૯

દિલ્હી અને એનસીઆર વિસ્તારની સાથે સાથે આજે ગુજરાતના જુદા જુદા ભાગોમાં સતત બીજા દિવસે પણ વરસાદ થયો હતો. હળવા વરસાદી ઝાપટા જારી રહ્યા હતા. આજે જામખંભાળિયાના ઘણા વિસ્તારોમાં વરસાદ થયો હતો. સૌરાષ્ટ્રના અન્ય ભાગોમાં પણ હળવા ઝાપટા પડ્યા હતા. બીજી બાજુ હવામાન વિભાગ તરફથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાત ઉપર સર્જાયેલા મોર્નિંગ સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતિના લીધે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર, કચ્છ, પોરબંદર, રાજકોટ અને જામનગરમાં હળવા વરસાદી ઝાપટાની આગાહી કરવામાં આવી છે. આજે સૌથી વધારે ગરમીનો અનુભવ સુરેન્દ્રનગરમાં થયો હતો. જ્યાં પારો ૪૧.૩ ડિગ્રી સુધી રહ્યો હતો. હિટવેવની કોઈ ચેતવણી તંત્ર તરફથી જારી કરાઈ નથી પરંતુ ગરમીનો અનુભવ જોરદારરીતે થઈ રહ્યો છે જેથી ચક્કર આવવાના, બેભાન થવાના, પેટમાં દુખાવો થવાના, બ્લડપ્રેશરના ઈમરજન્સી કેસોમાં વધારો થયો છે. અમદાવાદમાં ઈમરજન્સી કેસોમાં સૌથી વધુ વધારો નોંધાયો છે. ગરમીના લીધે જનજીવન પણ ખોરવાઈ ગયું છે. લોકો બપોરના ગાળામાં ઘરમાં રહેવાનું પસંદ કરી રહ્યા છે. દિવસ દરમિયાન ગરમ પવનો ફૂંકાઈ રહ્યા છે. અલબત્ત સાંજે આંશિક રાહત જોવા મળી રહી છે.પવનોની ગતિ અને પદ્ધતિ બદલાઈ રહી છે.હવામાન વિભાગ તરફથી એમ પણ જણાવવામાં આવ્યું છે કે, આગામી બે દિવસ દરમિયાન ગુજરાતમાં મહત્તમ તાપમાનમાં કોઈ વધારે ફેરફાર થનાર નથી. અમદાવાદ શહેરમાં આજે મહત્તમ તાપમાન આંશિક રીતે વધીને ૪૦ ડિગ્રી રહ્યુ હતુ. એટલે કે ગઈકાલની તુલનામાં વધારો થયો હતો. બીજી બાજુ અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ૨૩.૨ ડિગ્રી રહ્યું હતું. સૌરાષ્ટ્ર અને કચ્છના વિવિધ ભાગોમાં પણ તીવ્ર ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. ગરમીના પ્રમાણમાં વધારો થતાં લોકો ગરમીનો અનુભવ જોરદાર રીતે કરી રહ્યા છે. હાલમાં વધારે સાવધાન રહેવાની જરૂર દેખાઈ રહી છે. બિનજરૂરીરીતે ઘરની બહાર ન નિકળવાની સલાહ નિષ્ણાંત તબીબો આપી રહ્યા છે. આ ઉપરાંત બહારની કોઈ ચીજવસ્તુઓનો ઉપયોગ ન કરવાની પણ સલાહ લોકો આપી રહ્યા છે. તાપમાનમાં સતત ફેરફારના કારણે બાળકો અને મોટી વયના લોકો બિમારીના સકંજામાં આવી રહ્યા છે. હવામાન વિભાગ દ્વારા ઉંચા તાપમાનને લઈને કોઈ ચેતવણી જારી કરવામાં ન આવતા તંત્રે રાહતનો દમ લીધો છે. વધતી ગરમી વચ્ચે સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં અમદાવાદ શહેરમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગના કેસો નોંધાઈ રહ્યા છે.આજે દિવસ દરમિયાન આંશિક વાદળછાયુ વાતાવરણ રહેતા લોકોને તીવ્ર તાપથી રાહત મળી હતી. પાણીજન્ય રોગના કેસોની વાત કરવામાં આવે તો માત્ર ૩૧ દિવસના ગાળામાં જ માર્ચ મહિનામાં ઝાડા ઉલ્ટીના ૭૨૭, કમળાના ૧૯૬, ટાઈફોઈડના ૨૭૯ કેસ સપાટી ઉપર આવ્યા હતા. જ્યારે માર્ચ ૨૦૧૭માં ઝાડા ઉલ્ટીના ૬૧૬ કેસ નોંધાયા હતા.

# ખેડબ્રહ્મા નગરપાલિકામાં ફાયર ટીમ ન હોઈ પટાવાળા આગ હોલાવવા જાય છે

ખેડબ્રહ્મા, તા. ૯

ખેડબ્રહ્મા નગરપાલિકામાં હાલના સમયમાં ફાયર ફાઈટરની ટિમ ન હોઈ કોઈ જગ્યાએ આગ લાગે તો અનુભવ વગરના પટાવાળા અને સફાઈ કર્મચારીઓને આગ હોલવવા મોકલી દેવામાં આવે છે, જેમને પૂરતી સગવડો પણ પુરી પાડવામાં આવતી નથી.



ખેડબ્રહ્મા શહેરના લક્ષ્મીપુરા રોડ ઉપર આવેલ ભૃગુરુશી મહાદેવ મંદિર પાછળ સોમવાર બપોરે કોઈ ટીખળખોરે સૂકા લાકડા અને ઝાડીઝાખરામાં આગ લગાવી જતો રહ્યો હતો જેથી નગરપાલિકાને જાણ કરતા પાલિકાના સફાઈ કામદાર અને પટાવાળાને આગ હોલવવા મોકલી દેવામા આવ્યા હતા, ફાયર ફાઈટરના પાણીનું પ્રેશર માટેની ગન તૂટેલી હાલતમાં છે અને પાણીની પાઈપ ફાટેલી હોઈ ત્યાં પ્લાસ્ટિકની કોથળી વીંટી કામ ચલાવવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત ફાયરટીમ માટે તેમની સેફટી માટેના બૂટ, ટોપી, મોજા, સહિતના કોઈ ઉપકરણો પણ ના હોઈ જીવના જોખમે આગ હોલવે છે.

નગરપાલિકાના પટાવાળા અને સફાઈ કામદરે પોતાના જોખમે આગ કાબુમા મેળવી હતી. જો ભવિષ્યમાં કોઈ મોટી હોનારત થાય તો જવાબદારી કોની હશે.

# ચણાની ટેકાના ભાવે ખરીદી કરવા મોડાસા માર્કેટયાર્ડમાં કેન્દ્ર શરૂ કરવા અરવલ્લી ખેડૂતોની માંગ

## વેપારીઓ અને તંત્રની મિલી ભગતથી ખેડૂતો લુટાઈ રહ્યા છે : લેભાગુ વેપારીઓના લાઈસન્સ રદ કરવામાં આવે

અરવલ્લી, તા. ૯

ચાલુ વર્ષે અરવલ્લી જીલ્લામાં ચણાનું વ્યાપક પ્રમાણમાં ખેડૂતોએ વાવેતર કરી બે પાંદડે થવાની આશા રાખી છે. પરંતુ ચણાનો પાક તૈયાર થઈ ગયો છે ત્યારે માર્કેટયાર્ડમાં ચણાની ખરીદી કરતા વ્યાપારીઓ દ્વારા યોગ્ય ભાવ મળી રહ્યા નથી. જોકે કેન્દ્ર સરકારે ચણા ખરીદી માટે ટેકાના ભાવ રૂ.૮૮૮ પ્રતિ ૨૦ કિલો એટલે કે ૧ મણે નક્કી કરી મોડાસા માર્કેટયાર્ડમાં કેન્દ્ર પણ ફાળવ્યું છે. પરંતુ કોય કારણસર કેન્દ્ર શરુ કરવામાં આવ્યું નથી. હાલમાં રોજના ૪૦૦ થી વધુ બોરી ચણાની આવક માર્કેટયાર્ડમાં થઈ રહી છે. વેપારીઓ રૂ. ૬૫૦ થી ૭૦૦ના ભાવે ખરીદી કરી રહ્યા છે. ત્યારે ટેકાના ભાવ અને હાલમાં ખરીદીના ભાવથી ખેડૂતોને મણે રૂ.૨૦૦ થી ૨૫૦ રૂપિયાનું નુકસાન ભોગવવું પડે છે. ત્યારે ચાલુ સપ્તાહમાં ચણાની ટેકાના ભાવે ખરીદી શરુ કરી દેવામાં આવે તેવી માંગ અરવલ્લી ખેડૂત સમાજ દ્વારા કરવામાં આવી છે.



અરવલ્લી ખેડૂત સમાજ પ્રમુખ નીકુલ પટેલે કટાક્ષ સાથે જણાવતા કહ્યું હતું કે મોડાસા માર્કેટ યાર્ડમાં કોઈપણ ખેડૂત પોતાનો મહામુલો પાક વેચવા આવે પરંતુ વેપારીઓ અને તંત્રની મિલી ભગતથી ખેડૂતોને લુંટાવુ જ પડે છે. ત્યારે હવે આ મિલી ભગતના કારણે ખેડૂતોએ ચણાના પાકમાં પ્રતિ ૨૦ કિલોએ ૨૦૦ થી ૨૫૦ રૂપિયા જેટલું નુકસાન વેઠવું પડે છે. જો લાયસન્સ ધરાવતા વેપારીઓ ચણાની ખરીદી કરવા હરાજી વખતે ના આવતા હોય તો તેવોની સામે બજારધારા હેઠર કાયદેસર કાર્યવાહી કરી તેવોના લાઈસન્સ રદ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવે અને તાત્કાલિક ટેકાના ભાવે ખરીદી કેન્દ્ર શરુ કરવામાં આવે તેમ અરવલ્લી ખેડૂત સમાજ પ્રમુખ નીકુલ પટેલે જણાવ્યું હતું.

# વાવ સિને પલ્સ આવનાર દિવસોમાં આઈપીઓ બહાર પાડશે

અમદાવાદ, તા. ૯

સીટી પ્લસ મલ્ટિપ્લેક્ષ લિમિટેડ વાવ સિને પલ્સ જે છેલ્લા ઘણા વર્ષોથી મૂવીઝ અને એન્ટરટેઈનમેન્ટના બિઝનેસ સાથે સંકળાયેલ છે, હાલમાં કંપની પોતાની પ્રોડક્ટ વાવ સિને પલ્સ વર્લ્ડ ઓન વ્હીલ્સ અને ગુજરાતમાં ૨૨ સિનેમા છે અને આવનાર દિવસોમાં ૪૦-૫૦ સિનેમા સાથે ૧૦૦ સ્ક્રિન ગુજરાત અને ઈન્ડિયામાં કરવાના હેતુથી કંપની કામ કરે છે. વાવ જેમાં તમે તમારા પરિવાર, મિત્રો જોડે મૂવીઝની મજા માણી શકો છો. એન્ટરટેઈનમેન્ટ ફિલ્ડમાં વાવ એ દુનિયાનું પહેલુ આવિષ્કાર છે. કંપનીની અત્યારની ઈક્વીટી ૫૦ કરોડની છે અને આવનાર દિવસોમાં કંપની આઈપીઓ સાથે બજારમાં આવે છે, કંપનીની હાલની વેલ્યુએશન ૨૫૦ કરોડ રૂપિયા છે અને કંપની ૩૦ ટકા શેર પબ્લિકને ૫૦ રુપિયાના ભાવે પ્રિમિયમથી આપવામાં આવશે.

કંપનીના સી.ઈ.ઓ અર્પિત મહેતા અને જોઈન્ટ એમ.ડી ડો. લવ મહેતા એ જણાવ્યું કે, સીટી પલ્સને લોકોનો હંમેશા સારો પ્રતિસાદ મળ્યા અમને ખુશી છે કે અમે ટૂંક સમયમાં આઈપીઓ સાથે બજારમાં આવીશું.

# અરવલ્લીમાં મેઘરજના નેસડા ખાતેથી ગુણોત્સવ યોજાયો

મેઘરજ, તા. ૯

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના નેસડા ગામેથી ૮માં ગુણોત્સવનો પ્રારંભ બીજા દિવસે પ્રભારી સચિવ આર.એમ. જાદવ વાહન વ્યવહાર કમિશ્નરે મેઘરજ તાલુકાના નેસડા ગામેથી પ્રારંભ કરાવતા તેમણે જણાવ્યું હતું કે, રાજ્યમાં કે.જી.થી પી.જી. સુધીનો શિક્ષણ વ્યવસ્થા બાળકોથી લઈ યુવા પેઢીને સરળતાથી મળે તે માટે રાજ્ય સરકાર દર વર્ષે ૨૫ હજાર કરોડ ખર્ચે છે. તેમણે જણાવ્યુ હતુ કે રાજ્ય સરકાર દ્વારા શાળા પ્રવેશોત્સવ અને ગુણોત્સવ જેવા અભિયાનથી પ્રતિબદ્ધ છે. ગુણોત્સવના કારણે રાજ્યની શાળાઓની ગ્રેડમાં સારો સુધારો થયેલ છે.

પ્રભારી સચિવે જણાવ્યું હતું કે ગામના બાળકોને વાલીઓ દ્વારા અભ્યાસમાં વધુ ધ્યાન આપી તેમજ દરરોજ બાળકોને નિયમીત શાળાએ મોકલવાની ફરજ વાલીઓની બને છે. જો વાલી બાળકો પ્રત્યે ધ્યાન આપશે તો આજનો બાળક ભવિષ્યમાં પણ સારૂ ભણીને સારી નોકરી મેળવશે તેમ તેમણે જણાવ્યુ હતુ.



## મોડાસા ચાર રસ્તા ટાઉનહોલ ખાતે જીલ્લા કોંગ્રેસ સમિતિના ધરણા

કોંગ્રેસ ના અધ્યક્ષ રાહુલ ગાંધી અને ગુજરાત કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાના આદેશના પગલે સોમવારે અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા કોમી એખલાસ જળવાઈ રહે અને દેશ અને રાજ્યમાં દલિતો પર થતા અત્યાચારના વિરોધમાં પ્રતીક ઉપવાસ અને ધરણા યોજવામાં આવ્યા હતા. જેમાં જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારઘી, જીલ્લા પ્રમુખ કમલેન્દ્રસિંહ પુવાર, મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, અરુણભાઈ પટેલ, રેવાભાઈ ભાંભી, મોડાસા તાલુકા પંચાયત પ્રમુખ સોમસિંહ પરમાર, મોડાસા નગરપાલિકા વિરોધ પક્ષના નેતા હુસેનભાઈ ખાલક, નગરસેવક કલાબેન ભાવસાર, અમિત મકવાણા, નારાયણ રાઠોડ સહીત કાર્યકરો જોડાયા હતા રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીનો આદેશ હોવા છતાં પ્રતીક ઉપવાસ ધરણા કાર્યક્રમમાં કોંગ્રેસી અગ્રણીઓ અને કાર્યકરોની પાંખી હાજરી જોવા મળી હતી. બાયડ-માલપુરના ધારાસભ્ય ધવલસિંહ ઝાલા અને ભિલોડા-મેઘરજના ધારાસભ્ય ડૉ. અનિલ જોષીયારાની ગેરહાજરી સૂચક જણાતી હતી.

# ઊંઝામાં તોડપાણી કરતા બોગસ પત્રકારોમાંથી એક ઝડપાયો : ત્રણ ફરાર

બે દિવસ અગાઉ ઊંઝા નજીકના મક્તુપુરની સીમમાં આવેલ એક ક્લીનીંગ ફેક્ટરીમાંથી કથિત ભેળસેળની વરિયાળીનો શંકાસ્પદ જથ્થો સીઝ કરાયો હતો જેને લઈને બોગસ ચેનલના કેટલાક બોગસ પત્રકારોએ ફેક્ટરીમાં જઈ તોડ કરવાના ઈરાદે ચેનલમાં પ્રકાશિત નહી કરવા બદલ રૂ. દોઢ લાખનો તોડ કરવા જતા ચાર પૈકી એક શખ્સ ઝડપાઈ ગયો છે. જ્યારે અન્ય ત્રણ ફરાર થઈ ગયા છે. બે દિવસ પૂર્વ ઊંઝા નજીકના મક્તુપુર ગામે હાઈવે પર આવેલ હોમ ક્લીનીંગ ફેક્ટરીમાં પોલીસે ભેળસેળ અંગે દરોડો પાડી વરિયાળીનો શંકાસ્પદ જથ્થો સીઝ કર્યો હતો તથા ખોરાક અને ઔષધ નિયમનતંત્રના અધિકારીઓએ સદર ફેક્ટરીમાંથી કથિત ભેળસેળયુક્ત વરિયાળીનો માલ સીઝ થયો હોવાનુ જાણીને કેટલાક બોગસ પત્રકારો પોતે ચેનલમાં કામ કરે છે તેવી ફેક્ટરી માલિકને ઓળખાણ આપી જો ચેનલમાં આ હકીકત પ્રકાશિત ન કરવી હોય તો રૂ. દોઢ લાખની બળજબરીપૂર્વક માંગણી કરી હતી. જેથી ફેક્ટરીના સંચાલકે ગેરકાયદેસર નાણાં આપવા માટેનો ઈન્કાર કરીને ચાર પૈકી એક વ્યક્તિને પકડી લઈ ઊંઝા પોલીસને જાણ કરી હતી. બાદમાં ફેક્ટરી માલિક પટેલ ધર્મેન્દ્રભાઈ અંબાલાલની ફરિયાદના આધારે ઊંઝા પોલીસે આરોપી પટેલ ભરતભાઈ ચતુરભાઈ રહે. ઉનાવા, તા. ઊંઝા તથા અન્ય ત્રણ અજાણ્યા ઈસમો મળી કુલ ચાર શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સાબરકાંઠા જિલ્લા કલેકટર તરીકેનો હવાલો સંભાળતા સુ.શ્રી પ્રવિણા ડી.કે

હિંમતનગર, તા. ૯

ડાયરકેટર ઓફ મ્યુનિસિપાલિટી, ગાંધીનગર સુ.શ્રી પ્રવિણા ડી.કે (આઈએએસ)ની સાબરકાંઠા જિલ્લા કલેકટર તરીકે નિમણૂંક થતાં પ્રવિણા ડી.કે. એ આજે શુક્રવારના રોજ સાબરકાંઠા જિલ્લા કલેકટર તરીકેનો હવાલો સંભાળી લીધો છે.

સને-૨૦૦૯ માં ભારતીય વહિવટી સેવા સંવર્ગ (આઈએએસ) સેવાઓમાં સીધી ભરતીથી પસંદગી પામીને તેમની યશસ્વી કારકિર્દીનો પ્રારંભ કરનાર સુ.શ્રી પ્રવિણા ડી.કે તામિલનાડુ રાજયના ઈરોડ જિલ્લાના વતની છે અને શૈક્ષણિક લાયકાતમાં તેઓ અર્થશાસ્ત્રમાં



માસ્ટરની પદવી ધરાવે છે. ભારતીય વહિવટી સેવામાં જોડાઈને મસૂરી ખાતેની તાલીમ બાદ સને ૨૦૦૯-૧૧ માં પાટણ ખાતે પ્રોબેશનરી તરીકેની સેવાઓ આપી હતી. ત્યારબાદ બાદ તેઓ મહેસાણ જિલ્લાના વિસનગર પ્રાંતના મદદનીશ કલેક્ટર તરીકે જોડાયાં હતાં બાદમાં દાહોદ અને નડિઆદ જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારી તરીકે તથા બોટાદ જિલ્લાના કલેકટર તરીકે ફરજ બજાવી ચુક્યા છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, નવરચિત બોટાદ જિલ્લાના વિકાસ અને પ્રજાકિય પ્રશ્નો ઉકેલવામાં સુ.શ્રી પ્રવિણા ડી.કે.એ તમામ પ્રકારની કામગીરી સફળતાપૂર્વક બજાવી છે.

## ઘૂસણખોરી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

રોજ ઘૂસણખોરી કરી હતી. ITBPએ ચીનની આ ઘૂસણખોરીનો વિરોધ પણ નોંધાવ્યો હતો. પેંગોંગ સરોવર પાસે ૩ જગ્યા પર ચીની સેનાએ ઘૂસણખોરી કરી હતી. આ દરમિયાન ચીની સૈનિક ૬ કિલોમીટર સુધી અંદર ઘૂસી આવ્યા હતા.

પેંગોંગના આ વિસ્તારમાં ગત વર્ષે ઓગસ્ટમાં ચીની સૈનિકોએ ભારતીય સુરક્ષા દળો પર પત્થરમારો કર્યો હતો. સૂત્રો અનુસાર, આ વર્ષે પણ ચીની સૈનિકોએ પેંગોંગ સરોવરની પાસે ઉત્તરી પેંગોંગમાં ITBPની સાથે ચર્ચાકરવાનો પ્રયાસ કર્યો હતો, જેને ITBPએ અસફળ બનાવ્યો હતો.

ગઈકાલે માહિતી મળી હતી કે, અરુણાચલ પ્રદેશની અસફિલા વિસ્તારમાં ભારતીય સેનાના પેટ્રોલિંગને લઈને ચીને આપત્તિ વ્યક્ત કરી હતી. સાથે જ ચીને આ વિસ્તારમાં એકવાર ફરીથી પોતાના દાવો કર્યો છે. ચીને ભારતીય સેનાના પેટ્રોલિંગને અતિક્રમણ ગણાવ્યું છે. ચીનનો દાવો છે કે, અસફિલા વિસ્તાર તેનો હિસ્સો છે. જોકે, ભારતીય સેનાએ ચીની સેનાના આ આરોપ અને આપત્તિઓને નકારી કાઢી હતી.

સૂત્રો મુજબ, ચીને આ મુદ્દાને ૧૫ માર્ચના રોજ બોર્ડર પર્સનલ મીટિંગમાં ઉઠાવ્યો હતો. જેને ભારતીય સેનાએ તરત નકારી કાઢ્યો હતો. આ બેઠક કિબિથુ વિસ્તારમાં ચીનની તરફ દઈમાઈ ચોકી પર થઈ હતી. ભારતીય સેનાએ આસફિલામાં ચીનના દાવાને નકારી કાઢ્યો હતો. ભારતે ક્હયું કે, અસફિલા અરુણાચલ પ્રદેશના સુબનસિરી વિસ્તારનો હિસ્સો છે અને ભારતીય સેના આ વિસ્તારમાં સતત પેટ્રોલિંગ કરતી આવી રહી છે.

અરૂણાચલ પ્રદેશમાં બોર્ડર પાસે વિવાદિત અસાફિલા વિસ્તારમાં ભારતીય સેનાની પેટ્રોલિંગ પર ચીને વાંધો ઉઠાવ્યો છે. સૂત્રોએ ન્યુઝ એજન્સીને જણાવ્યું, ×૧૫ માર્ચના રોજ થયેલી બોર્ડર પર્સનલ મીટિંગમાં આ મામલો ચીને ભારતીય અધિકારીઓ સામે ઉઠાવ્યો હતો. જોકે, ભારતીય પક્ષે આ દાવાને રદિયો આપ્યો હતો.×

ભારતીય અધિકારીઓએ ચીન તરફથી 'ઉલ્લંઘન' શબ્દનો ઉપયોગ પર વિરોધ જાહેર કર્યો હતો.

## મિસાઈલ હુમલો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ટ્રમ્પે ગઈકાલે જ રસાયણિક હુમલો કરવામાં આવ્યા બાદ આની નિંદા કરી હગતી. રસાયણિક હુમલો કરવા બદલ ટ્રમ્પે નિંદા કરીને સીરિયન પ્રમુખ બશર અલ અસદને ચેતવમી પણ આપી હતી. ટ્રમ્પે રશિયા અને ઈરાનને જવાબદાર ઠેરવીને આની મોટી કિંમત ચુકવવી પડશે તેવી ચેતવણી પણ આપી હતી. ટ્રમ્પે કહ્યુ હતુ કે બુદ્ધિવગરના આ હુમલામાં બાળકો, મહિલાઓના મોત થયા છે. રશિયા અને ઈરાન દ્વારા અસદને ટેકો આપવામાં આવ્યા બાદ અમેરિકા નારાજ છે. પહેલા સેનાએ તૈફુર વિમાનીમથક પર કરવામાં આવેલા હુમલામાં અમેરિકાનો હાથ હોવાની શંકા વ્યક્ત કરી હતી. અત્રે નોંધનીય છે કે સીરિયાના પૂર્વીય ગુટાના ડોમા શહેરમાં ઝેરી સેરીન ગેસ મારફતે કરવામાં આવેલા હુમલામાં ૮૦થી વધારે લોકોના મોત થઈ ગયા હતા. હજારો લોકોને આની માઠી અસર થઈ હતી. હજારો લોકો હજુ પણ શ્વાસ લેવામાં મુશ્કેલી અનુભવ કરી રહ્યા છે. સૌથી વધારે શિકાર મહિલાઓ અને બાળકો થયા હતા. સીરિયાના ઈતિહાસના સૌથી ભીષણ રસાયણિક હુમલા તરીકે આને ગણવામાં આવે છે. સતત હુમલાના કારણે તબાહ થઈ ગયેલા સીરિયામાં પૂર્વીય ગુટામાં હજુ પણ એક લાખથી વધારે લોકો ફસાયેલા છે. સીરિયામા બચાવ અને રાહત કામગીરીમાં વ્યસ્ત રહેલી સંસ્થાએ કહ્યુ છે કે લોકોની હાલત કફોડી બનેલી છે. બિનસત્તાવાર હેવાલમાં ૧૫૦થી વધારે લોકોના મોત થયા હોવાની વાત કરવામાં આવી છે. હેલિકોપ્ટર મારફતે ઝેરી નર્વ એજન્ટ સેરીન બોમ્બ ઝીંકવામાં આવ્યા હતા. હુમલાનો શિકાર થયેલા લોકોની આંખ બળવા લાગી હતી. ક્લોરીન ગેસના સંપર્કમાં આવતા જે અસર જોવા મળે છે તેવી અસર જોવા મળી રહી છે. ડોમાં શહેર હવે સંપૂર્ણ પણે ધ્વંસ છે. શનિવારના દિવસે કરવામાં આવેલા હુમલા બાદ બેઝમેન્ટમાં પડેલા અનેક મૃતદેહોને હજુ પણ જોઈ શકાય છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, મૃતકોની સંખ્યામાં ઝડપથી વધારો થઈ શકે છે. અનેક મેડિકલ, બચાવ ટુકડી દ્વારા રસાયણ હુમલા અંગે માહિતી આપવામાં આવી છે. જો કે, આના આંકડાને લઈને તર્ક વિતર્કોનો દોર ચાલી રહ્યો છે. વિપક્ષ સમર્થક ગોતા મિડિયા સેન્ટરે કહ્યું છે કે, ૮૦થી વધુ લોકોના મોત થઈ ચુક્યા છે. જ્યારે હજારો લોકોને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી છે. આ રસાયણ હુમલાના ભાગરુપે તકલીફ પડી રહી છે. સરકારી એજન્સીએ કહ્યું છે કે, આતંકવાદીઓના ગઢમાં તેમનો ખાત્મો કરવા માટે સેના આગળ વધી રહી છે. સેનાની આગેકૂચને રોકવાના પ્રયાસ થઈ રહ્યા છે. સમાચાર સંસ્થાનું એમ પણ કહેવું છે કે, સિરિયન અરબ સેનાને રસાયણિક હુમલા કરવાની જરૂર નથી.સીરિયામાં રસાયણિક હુમલા બાદ સમગ્ર દુનિયા ફરી એકવાર ચોંકી ગઈ છે. સાથે સાથે આ પ્રકારના હુમલાની વ્યાપક નિંદા પણ થઈ રહી છે.

## બસ ખાબકતા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કાંગરા પોલીસના અધિકારીએ કહ્યું છે કે, આ ઘટના જિલ્લા હેડક્વાર્ટરથી આશરે ૮૦ કિલોમીટરના અંતરે બની હતી. બનાવની જાણ થતાં તરત જ પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે પહોંચ્યો હતો. આ બસ વજીરરામસિંહ પબ્લિક સ્કુલની હતી. લપસી ગયા બાદ બસ ખીણમાં ખાબકી હતી. અકસ્માતમાં એક ડ્રાઈવર અને એક શિક્ષકે પણ જાન ગુમાવ્યા છે આ ઉપરાંત ૧૫ લોકો ગંભીર હાલતમાં છે. બસ બાળકોને ઘરે મૂકવા જતી હતી ત્યારે દુર્ઘટના સર્જાઈ હતી. જાણકારી મુજબ આ બસમાં કુલ ૪૦ બાળકો હતા. સ્થાનિક લોકોના મુજબ આ ઘટના ૩ વાગ્યાની નજીકે નૂરપુર વિસ્તારમાં આવેલા ચેંદી ગામની પાસે થઈ હતી. મીડિયા રિપોર્ટ મુજબ આ સ્કૂલ બસ વજીર રામ સિંહ પઠાનિયા મેમોરિયલ સ્કૂલની હતી. આ ઘટના એટલી બધી દુખદ હતી કે બસમાં ફંસાયેલા કેટલાક બાળકોને ગેસ કટરથી કાપીને બહાર કઢાયા હતા. જયરામ ઠાકુરે તપાસના આદેશ આપ્યું છે.

## હરાવીશું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

એક વખતે નવો વિવાદ સર્જાયો હતો જ્યારે કોંગ્રેસી નેતાઓ ઉપર આક્ષેપ કરવામાં આવ્યો હતો. ભાજપના દલિત સાંસદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્રો લખી રહ્યા છે. રાહુલે કહ્યું હતું કે, ભાજપના સાંસદ અમને કહે છે કે, મોદી દલિત વિરોધી છે. તેઓ દલિતોના હિત ઈચ્છતા નથી. રાહુલે દાવો કર્યો હતો કે, સમગ્ર દેશ જાણે છે કે, મોદી દલિત વિરોધી છે. આમા કોઈ વાત છુપાયેલી નથી. રાહુલ ગાંધીની સાથે સાથે કોંગ્રેસના કાર્યકરો પણ એક દિવસના પ્રતિક ઉપવાસ ઉપર રહ્યા હતા. ખેડુતોની કફોડી હાલત, યુવાનોમાં વધતી નારાજગી, બેરોજગારી અને એસટી-એસસી એક્ટમાં જોગવાઈને હળવી કરવા સામેના વિરોધમાં રાહુલ ગાંધી ઉપવાસ પર રહ્યા હતા. કોંગ્રેસના કાર્યકરોએ તમામ રાજ્યો અને જિલ્લા ઓફિસ પર પ્રદર્શન કર્યા હતા.

હાલમાં જ સંસદની કામગીરી સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ હતી. કોંગ્રેસ પાર્ટીના સંસદ સત્ર દરમિયાન રહેલા આંચરણ મામલે લોકોને માહિતી આપવામાં આવનાર છે. કોંગ્રેસ પાર્ટીનો આરોપ છે કે મોદી સરકારે સંસદની કામગીરી ચાલવા દીધી ન હતી. જેના કારણે સીબીએસઈ પેપર લીક, પીએનબી કોંભાડ, કાવેરી જળ વિવાદ અને આંધ્રપ્રદેશને ખાસ દરજ્જો આપવા સહિતના મુદા પર કોઈ ચર્ચા થઈ શકી ન હતી. રાહુલ ગાંધી આજે રાજઘાટ ખાતે સવારે ૧૧ વાગ્યાથી લઈને સાંજે ચાર વાગ્યા સુધી ઉપવાસ રહ્યા હતા. બીજી બાજુ રાહુલ ગાંધીના ઉપવાસ પર બેસવાને લઈને પણ વિવાદ થયો હતો. સીખ રમખાણોમાં આરોપી રહેલા કોંગ્રેસી નેતાઓને સ્થળ પરથી પરત મોકલી દેવામાં આવ્યા હતા. જગદીશ ટાઈટલર અને સજ્જનસિંહને પરત મોકલી દેવામાં આવ્યા હતા. ત્યારબાદ એવા ફોટા સપાટી ઉપર આવ્યા હતા જેના કારણે કોંગ્રેસની હાલત કફોડી બની ગઈ હતી.

## બિટકોઈન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતું કે, તા. ૧૧ ફેબ્રુઆરી ૨૦૧૮ના રોજ અમરેલી એલસીબી પોલીસ ઈન્સપેક્ટર પટેલ તેમજ ૯ પોલીસ કર્મચારીઓએ ત્રણ સરકારી વાહનોમાં શૈલેષ ભટ્ટ, ડ્રાઈવર મહિપાલ અને ભાગીદાર કિરીટ પાલડીયાને ગાંધીનગરના નિધી પેટ્રોલપંપથી અપહરણ કરીને દહેગામ રોડ ઉપર આવેલ કેશવ ફાર્મ ઉપર લઈ જઈ માર મારી બળજબરી પુર્વક ૨૦૦ બીટકોઈન પોલીસ ઈન્સપેક્ટર પટેલે તેના વોલેટમાં ટ્રાન્સફર કરાવ્યા હોવાની અરજદાર શૈલેષ ભટ્ટ દ્વારા પોલીસને રજુઆત કરવામાં આવી હતી. ત્યારબાદ આ અંગે પોલીસ કેસ નહી કરવા અને પોલીસની કાર્યવાહીમાંથી છુટકારો મેળવવા બીજા વધુ ૩૨ કરોડની માંગણી કરતા અરજદારે પી.ઉમેશ આંગડીયા પેઢી મારફતે ૩૨ કરોડનો હવાલો આપવાનું નક્કી થતા પોલીસ ઈન્સપેક્ટર પટેલે અરજદાર શૈલેષ ભટ્ટને મુક્ત કર્યો હતો તેમ મંત્રીએ ઉમેર્યુ હતું.

## બેઠક મુલત્વી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મુક્યો હતો. જેના કારણે સમગ્ર બેઠક જ મુલત્વી રાખવાની ફરજ પડી હતી. બીજીબાજુ, વડોદરા-સુરત સહિતના ખેડૂતોએ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે પોતાની જમીનો આપવાનો સાફ ઈન્કાર કરી દીધો હોવાનો પણ નવો વિવાદ સામે આવી રહ્યો છે, તેથી મોદી સરકારની અને પ્રોજેક્ટના સત્તાધીશોની ચિંતામાં વધારો થયો છે. પ્રાપ્ત માહિતી મુજબ, મુંબઈ-અમદાવાદ વચ્ચે હાઈસ્પીડ રેલવે(બુલેટ ટ્રેન) પ્રોજેક્ટ માટે જમીન સંપાદન કરીને તેનું નિર્ધારીત વળતર ચૂકવવાની જવાબદારી આર્કાડિસ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ કંપનીને સોંપવામાં આવી છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં વડોદરા જિલ્લાના અનેક ગામોની જમીનો કપાતમાં જાય છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં કેટલી જમીન સંપાદન કરવામાં આવશે.,જમીનનું વળતર કેટલું અને કેવી રીતે ચૂકવવામાં આવશે તે અંગેની માહિતી ખેડૂતોને પૂરી પાડવા માટે એજન્સી દ્વારા આજે સવારે વડોદરાના ગાંધીનગર ગૃહમાં મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જો કે, એજન્સી દ્વારા માત્ર અમુક ગામના સરપંચોને જાણ કરાઈ હતી. અને સ્થાનિક અખબારોમાં પ્રેસનોટ આપી હતી. જે ખેડૂતોને મિટીંગની જાણ થઈ હતી તે ખેડૂતો નિર્ધારીત સમયે ગાંધીનગર ગૃહમાં આવી ગયા હતા. એજન્સીના હોદ્દેદાર ડી. દત્તા સહિતના કર્મચારીઓ આવી ગયા હતા. પરંતુ મિટીંગની જાણથી વંચિત મોટાભાગના ખેડૂતો મિટીંગમાં આવી શક્યા ન હતા. ખેડૂત આગેવાન હસમુખ ભટ્ટ, ગોપાલ રબારી સહિતના ખેડૂતોએ મિટીંગના પ્રારંભે જ મિટીંગનો વિરોધ કર્યો હતો. અને એજન્સી ઉપર ખેડૂતોને મિટીંગની કોઈ જાણ થઈ નથી તેવા આક્ષેપ સાથે મિટીંગ રદ કરવાની માંગણી સાથે હોબાળો મચાવી મુક્યો હતો.ખેડૂત આગેવાન હસમુખભાઈ ભટ્ટે જણાવ્યું હતું કે, એજન્સી દ્વારા ગણ્યા ગાંઠ્યા લોકોને જ મિટીંગની જાણ કરવામાં આવી છે, જે ખેડૂતોની જમીન કપાતમાં જાય છે તે ખેડૂતો બેઠમાં આવી શક્યા નથી. જ્યાં સુધી તમામ ખેડૂતોને જમીન સંપાદન અંગેની સંતોષકારક માહિતી પૂરી પાડવામાં નહીં આવે ત્યાં સુધી ખેડૂતો પોતાની જમીન સંપાદન કરવા દેશે નહીં. હોબાળો મચાવનાર ખેડૂતો ઉગ્ર સ્વરૂપ ધારણ કરે તે પહેલા જ એજન્સીના પ્રોજેકટ મેનેજર ડી. દત્તાએ મિટીંગ મોકૂફ કરવાની જાહેરાત કરતા મામલો થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો. આ જ પ્રકારે દક્ષિણ ગુજરાતમાં નવસારી, વલસાડ તેમજ સુરતમાં પણ ખેડૂતોએ બુલેટ ટ્રેન માટે પોતાની જમીન આપવાનો ઈનકાર કરી દીધો છે. મહારાષ્ટ્રના ૧૦૮ ગામના ખેડૂતોએ પણ જમીન આપવા નનૈયો ભણી દીધો છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં અહીં કુલ ૧૪૦૦ હેક્ટર જમીનનું સંપાદન થવાનું છે, જેના કારણે ૨૦ હજાર જેટલા ખેડૂતો જમીનવિહોણા બને તેવી શક્યતા છે.મોદી સરકારના આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટને ૨૦૨૨ સુધીમાં શરુ કરવા માટે મોટાપાયે કામકાજ ચાલી રહ્યું છે. રાજય સરકારના રેવન્યુ વિભાગે બુલેટ ટ્રેનના રૂટમાં આવતા ખેડા, આણંદ, અમદાવાદ, વલસાડ અને સુરત જિલ્લાના ૪૫ જેટલા ગામડાઓને જાહેર હિતના કામ માટે જમીન સંપાદન કરવા અંગે પ્રાથમિક નોટિફિકેશન ઈશ્યુ કરી દીધા છે પરંતુ ખેડૂતોનો ઉગ્ર વિરોધ હવે સામે આવી રહ્યો છે.